તારીખ: ૦૧/૦૬/૨૦૨૪

# જાહેર નિવિદા

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તમામ ઇમારતોના માલિકો વહીવટ કર્તાઓ અને ભોગવટો કરનારને આ જાહેર નિવિદા દ્વારા જણાવવામાં આવે છે કે, મહાનગરપાલિકાના જાહેર જનતાની સલામતી અને સુખાકારી માટે, રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નોટીફીકેશન નં. GH/V/68 of 2021/AGN-102021-100-L1 માં જણાવવામાં આવેલ લાગુ પડતા ઇમારતોને ફાયર સેફટી પ્રમાણપત્ર અને GPMC Act 1949ની જોગવાઇ કલમ ૨૬૩ મુજબ પ્રવર્તમાન બાંધકામ પેટા નિયમો યાની C.G.D.C.R.-2017 સાથે સુસંગત થાય તે મુજબ ભોગવટા પ્રમાણપત્ર, લેવાનું ફરજિયાત છે.

આ જ પર્યંત સુધી જેમણે ફાયર સેફટી પ્રમાણપત્ર અને ભોગવટા પ્રમાણપત્ર મેળવેલ ન હોય તો ફરજિયાત મેળવી લેવાનું રહેશે. કોઈપણ ઇમારતની ફાયર સેફ્ટી પ્રમાણપત્રની મુદત પૂર્ણ થઈ હોય તો લાગતા વળગતાએ https://gujfiresafetycop.in પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરી ફાયર સેફટી સર્ટિફિકેટ રીન્યુઅલની અરજી કરી ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત કરેલ પ્રાઇવેટ ફાયર સેફટી ઓફિસરની પસંદગી કરી આપની ઇમારતમાં લગાવવામાં આવેલ ફાયર સેફટી સાધનોની ચકાસણી કરાવીને ફાયર સેફટી સર્ટિફિકેટ રીન્યુ કરાવી લેવાનું રહેશે. જો આમ કરવામાં કસૂર થશે તો આવી ઈમારતોના વીજ જોડાણ, પાણી જોડાણ, ગટર કનેક્શન કાપવાની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સંબંધિત લાગતા વળગતાએ ગંભીર નોંધ લેવી.

મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા